હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ડિયર, હું તને પ્રેમ નહીં કરી શકું... તું જો પાતળી થવા માટે ખાવાનું પણ છોડી શકતી હો તો... મારી શું સીક્યોરીટી...!!

વધુ વૃક્ષ વાવીને પર્યાવરણ શુદ્ધ કરવા સરકાર કટિબદ્ધ

ગાંધીનગર,તા.૯

રાજ્યમાં જેમ બને તેમ વધુ વૃક્ષો વાવી હરિયાળી ક્રાંતિ લાવી, પર્યાવરણને શુદ્ધ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ હોવાનું જણાવતા વન પર્યાવરણ મંત્રી ગણપત વસાવા. આજે ગાંધીનગર વિધાનસભા ખાતે ચૌદમા સત્રમાં ઠક્કરબાપનગર વિસ્તારના ધારાસભ્ય વલ્લભ કાકડીયા અને નરોડા વિસ્તારના ધારાસભ્ય બલરામ થાવાણીએ રાજ્ય સરકાર દ્વારા 'રક્ષક વન'માં રોપાનું વાવેતર અંગેના લેખિત પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે, કચ્છ જિલ્લાના ભૂજ તાલુકાના સરસપર ગામે રૂદ્રમાતા ડેમ સાઈટ પાસે આવેલા રક્ષક વનમાં કણજી, મહોગની, ગુલમહોર, પેલ્ટ્રોફાર્મ, ગોલ્ડન બામ્બૂ, લેગે સ્ટ્રોમીયા, લીમડા, ટેબુલીયા, ગરમાળો, વડ, પીપળો, ફાયકસ, ઈન્ડિયન ક્રિસમીસ ટ્રી, શિમળો, રૂખડો, ચંપો, બુચ, કેલાસપતિ, કેજેલિયા, કચનાર, ખારેક અને વિવિધ જાતના વાડ વિગેરે જેવા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

વનનિર્માણ યોજના હેઠળ વન્ય વિસ્તારોમાં વધારો

ગાંધીનગર,તા.૯

સામૂહિક વન નિર્માણ યોજનામાં સૌના સહિયારા પ્રયાસોથી ૧૩.૯૭ ટકા વધારો કરી શકાયો છે.

મંત્રીએ જણાવ્યું કે, વન વિસ્તાર બહાર વૃક્ષો વાવેતર કરવાના સામૂહિક વનીકરણ કાર્યક્રમથી ૨૦૦૩માં ૨૪.૦૩ કરોડ વૃક્ષો, ૨૦૧૩માં ૩૦.૧૪ કરોડ અને ૨૦૧૭માં ૩૪.૩૫ કરોડ વૃક્ષોમાં તબક્કાવાર વધારો થયો છે અને ૧૩.૯૭ ટકા વધારો કરી શકાયો છે. કામરેજ તાલુકામાં સામૂહિક વનનિર્માણ હેઠળ રોપાઓના વાવેતર અંગે મંત્રીએ જણાવ્યું કે, ૨૦૧૮-૧૯માં ૧૮ હેક્ટર વિસ્તારમાં લીમડા, નીલગીરી, સાગ, ગરમાળા જેવા વૃક્ષો ૧૦.૧૩ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

પ્રાંતિયા સ્મૃતિ વિકાસ શાળામાં સોલર પેનલ લાઈટપોલથી અજવાળા પથરાશે

શ્રી શારદા ટ્રસ્ટ સંચાલિત સ્મૃતિવિકાસ શાળા માનસિક ક્ષતિવાળા બાળકોની નિવાસી શાળા પ્રાંતિયા જી. ગાંધીનગરને નિશાબેન આકાશકુમાર પટેલ (યુ.એસ.એ.) તરફથી સોલાર પેનલ લાઈટ પોલ નંગ-૩ ભેટ રૂપે મળેલ છે. રમણભાઈ મણીલાલ પટેલ, રમણભાઈ રામાભાઈ પટેલ તથા ક્રીસ અલ્કેશભાઈ પટેલ લવારપુર સંસ્થા ખાતે ઉપસ્થિત રહી સોલર પેનલ લાઈટ પોલ નંગ-૩ ફીટીંગ કરાવી આપી હતી. સંસ્થા પરિવારે માનવસેવાના પુણ્યકારી કાર્ય થકી સાથ-સહકારનો સહારો આપતા સંસ્થાએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

ભાજપની સદસ્યતા ઝૂંબેશ એટલે મહાઉત્સવ : વાઘાણી

ગાંધીનગર,તા.૯

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં આજરોજ શ્રી કમલમ કોબા, ગાંધીનગર ખાતે સદસ્યતા અભિયાન અંતર્ગત વિવિધ મોરચાઓ તથા સેલ તેમજ વિભાગ-પ્રકલ્પની સંયુક્ત પ્રદેશ બેઠક તથા વિસ્તારકશ્રીઓની બેઠક યોજાઈ હતી. પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ તેમના અધ્યક્ષીય ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, આજની ભાજપાના વિવિધ મોરચાઓ તથા સેલ તેમજ વિભાગ-પ્રકલ્પની સંયુક્ત પ્રદેશ બેઠક એ ભાજપા માટે એક મહત્વની બેઠક છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સમર્થ નેતૃત્વમાં ૨૦૧૯ લોકસભાની ચુંટણીઓમાં ઐતિહાસિક બહુમતિ સાથે ભાજપાનો ભવ્ય વિજય થયો છે. રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના કુશળ નેતૃત્વ અને સંગઠનાત્મક ચૂંટણી વ્યુહરચના તથા દેશભરના ૧૧ કરોડ સમર્પિત કાર્યકરોની અથાગ મહેનત, પ્રજાસાધના અને પ્રેરણાદાયી સીધા સંપર્કની ફલશ્રૂતિને પરિણામે કેન્દ્રની ભાજપા સરકારની તમામ લોકકલ્યાણકારી નીતિઓ અને યોજનાઓને જનજન સુધી પહોંચાડવામાં સફળતા મળી છે ત્યારે જનતા તરફથી મળેલ જનસમર્થન અને જનમતના આધારે લોકસભા ચૂંટણી ૨૦૧૯માં ભાજપાના ઐતિહાસિક વિજય બાદની તમામ ચૂંટણીઓમાં પણ ભાજપાને સફળતા પ્રાપ્ત થઈ છે. વાઘાણીએ સૌ કાર્યકર્તાઓને હાકલ કરતા જણાવ્યુ હતુ કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વ્યકિતત્વ અને તેમની કાર્યશકિત, નિર્ણયશકિતને દેશની જનતાને સ્વીકારી છે અને તેમનું સ્પષ્ટ પ્રતિબિંબ પ્રજાના જનાદેશમાં જોવા મળી રહ્યું છે. રાષ્ટ્રપ્રથમ અને "સર્વજન હિતાય સર્વજન સુખાય" ભાજપાનું એક માત્ર લક્ષ્ય રહ્યુ છે અને રાષ્ટ્રહિતમાં જ બધી સમસ્યાઓનું સમાધાન છે તેવી ભાજપાની વિચારધારા રહી છે. ભાજપાના સર્વસ્પર્શી - સર્વવ્યાપી રાષ્ટ્રવાદી વિચાર જનમાનસના હૃદયમાં પ્રસ્થાપિત કરી જનસેવા અને રાષ્ટ્રસેવાના ભાવ સાથે જનતાને ભાજપા સાથે જોડવા માટેનો આ મહાઉત્સવ એટલે ભાજપાનું સદસ્યતા અભિયાન. ભાજપાના પ્રત્યેક કાર્યકર જનજન સુધી પહોંચી "સંપર્ક થી સંવાદ અને સંવાદ થી સમર્થન"ને વ્યાપક બનાવી ભાજપાની વિચારધારા સાથે વધુને વધુ લોકોને જોડવા માટેનો યજ્ઞ એટલે ભાજપાનું સદસ્યતા અભિયાન.

ભીખુ દલસાણીયાએ સૌને માર્ગદર્શન આપતા જણાવ્યુ હતુ કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપાની ગૌરવપૂર્ણ જીત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના નેતૃત્વમાં જનતાનો ભાજપા પરનો અભૂતપૂર્વ વિશ્વાસ દર્શાવે છે. લાખો કાર્યકર્તાઓના પરિશ્રમદ્વ સંકલ્પના પરિણામે છેલ્લા ૩૦ વર્ષ બાદ દેશમાં પૂર્ણ બહુમત સાથેની કેન્દ્રમાં ભાજપાની સરકાર બનાવવાની અભૂતપૂર્વ સિધ્ધિ મેળવવામાં ભાજપાને સફળતા પ્રાપ્ત થઈ છે.

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મંગળવારના રોજ સવારે હજારો વર્ગ-૪ના સુરત મનપાના કર્મચારીઓ ઉમટી પડ્યા હતા. આ રોજમદાર કર્મચારીઓએ નોકરીમાં કાયમી કરવાની માંગ સાથે રાજ્યના મુખ્યમંત્રી અને ડે. મુખ્યમંત્રીને આપેલ પત્ર પાઠવી યોગ્ય કરવા રજૂઆત કરી છે. સુરત મહાનગરપાલિકામાં ૨૫૦૦થી વધુ સફાઈ કામદારો રોજમદાર તરીકે છેલ્લા છ વર્ષથી ફરજ બજાવી રહ્યા છે.

જેહાદી પ્રવૃતિને અંકુશમાં લેવા ક્ષત્રિય ઠાકોર ક્રાંતિસેનાનું આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૯

રાજ્યભરમાં વધી રહેલી હિન્દુ તથા દેશ વિરોધી ઈસ્લામિક જેહાદી પ્રવૃતિઓને અંકુશમાં લેવા તેમજ લવ જેહાદ અંતર્ગત હિન્દુ યુવતિઓના કરાતા ધર્માંતર તથા ગૌહત્યા જેવી બાબતો અંગે આજે ગુજરાત ક્ષત્રિય ઠાકોર ક્રાંતિ સેના દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ક્ષત્રિય ઠાકોર ક્રાંતિસેનાના પ્રદેશ પ્રમુખ પ્રવિણસિંહજી ઠાકોર, લક્ષ્મણસિંહજી વાઘેલા, જિલ્લા પ્રમુખ સુરેશજી ઠાકોર, જિલ્લા મહામંત્રી નટવરજી ઠાકોર, જિલ્લા ઉપપ્રમુખ જીવરાજજી ઠાકોર તથા લીગલ કન્વીનર અમરસિંહ ચૌહાણ સહિત હગોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

મહેસાણા જિલ્લાના નાગલપુર ગામની પરિણિત યુવતિને લઘુમતી સમાજના યુવક દ્વારા ભગાડી જવાના કિસ્સામાં મદદરૂપ થનાર લઘુમતી સમાજનો અન્ય યુવાન પણ બીજી યુવતિને ભગાડી જવા આવ્યો હતો તેણે જાહેરમાં ગાળાગાળી કરી ધમકીઓ આપતા ચેતી ગયેલા સ્થાનિક રહીશોમાં રોષની લાગણી ફેલાવા પામી હતી તેથી તેને પકડીને પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત હારીજના વધુ એક યુવાને વ્હોટ્સએપ ઉપર યુવતિને પ્રેમજાળમાં ફસાવી હોવાનો એકકાર કરતા ગાળાગાળી પણ કરી હતી. આ ઘટનાઓને સંદર્ભે ક્ષત્રિય ઠાકોર ક્રાંતિસેના દ્વારા રાજ્યમાં વધી રહેલ જેહાદી પ્રવૃતિઓને અંકુશમાં લેવાના નિવેદન સાથે આજે ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીએ એકઠાં થઈને આવેદનપત્ર આપ્યું હતું.

વિધવા સહાયતા માટે અરજી કરવાની સમયમર્યાદા દૂર થઈ

ગાંધીનગર,તા.૯

ગુજરાતમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીની સંવેદનશીલ સરકાર દ્વારા વિધવાઓની સહાયમાં ૨૫ ટકા જેટલો વધારો કરીને હવે માસિક ૧૨૫૦/- કરવામાં આવી છે. આ માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં ૩૭૬ કરોડથી વધુ રકમની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત હવે વિધવા સહાય માટે અરજી કરવા માટેની સમયમર્યાદા હતી તે દૂર કરવામાં આવી છે એટલે હવે જ્યારે પણ વિધવા બહેન સહાય માટે અરજી કરશે ત્યારથી તેમને વિધવા સહાય આપવામાં આવશે. આ અંતર્ગત સુરત જિલ્લામાં છેલ્લા ૧ વર્ષમાં કુલ ૧૯૫૨ વિધવા સહાયની અરજી કરવામાં આવી છે. જેમાંથી ૧૮૧૯ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, જ્યારે બાકીની અરજીઓ વિવિધ કારણોસર નામંજૂર કરવામાં આવી છે તેમ વિધાનસભા ગૃહમાં કતારગામના ધારાસભ્ય વિનોદ મોરડીયા દ્વારા વિધવા સહાય અંગે પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં મહિલા અને બાળ કલ્યાણ રાજ્ય મંત્રી વિભાવરીબહેન દવેએ જણાવ્યું હતું.

રાજ્ય મંત્રીએ ચોર્યાસીના ધારાસભ્ય ઝંખનાબહેન પટેલ દ્વારા વિધવા સહાય અંગેના પૂરક પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું હતુ કે અગાઉ વિધવાને ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર થાય ત્યારે વિધવા સહાય બંધ કરવામાં આવતી હતી પણ હવેથી એ નિયમ દૂર કરવામાં આવ્યો છે. આ સહાય માટે ગ્રામ્ય વિસ્તારમાં આવકમર્યાદા અગાઉ જે ૪૭,૦૦૦/- હતી તે વધારીને ૧.૨૦ લાખ, જ્યારે શહેરી વિસ્તારમાં અગાઉ જે ૬૮,૦૦૦/- હતી તે વધારીને ૧.૫૦ લાખ કરવામાં આવી છે. આ સહાય અંગેની પ્રક્રિયા સેવાસેતુ કાર્યક્રમમાં પણ કરવામાં આવે છે, તેમ પણ મંત્રીએ વધુ વિગતો આપતાં ગૃહમાં જણાવ્યું હતું.

રાજ્યના ૩૩ તાલુકામાં ઉલ્લેખનીય વરસાદ થયો

રાજ્યમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતનાં તમામ જિલ્લાઓમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ક્યાંક ધીમી ધારે તો ક્યાંક સારો વરસાદ પડ્યો હતો. ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ૨૪ કલાકમાં સૌથી વધુ ૬૪ મી.મી. એટલે કે અઢી ઈંચ વરસાદ વરસ્યો હતો. રાજ્યના ૩૩ તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જ્યારે ૮ તાલુકાઓમાં અડધા ઈંચ કે તેથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૯ જુલાઈ ૨૦૧૯ના રોજ સવારે છ કલાકે પુરા થતાં ૨૪ કલાક દરમિયાન ૩૩ તાલુકાઓમાં ઝાપટાથી અઢી ઈંચ સુધીનો વરસાદ વરસ્યો હતો. જેમાં અડધા ઈંચ કે તેથી વધુ વરસાદ વરસ્યો હોય તેવા ૮ તાલુકાઓનો સમાવેશ થાય છે. ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં ૬૪ મી.મી., આહવા તાલુકામાં ૩૦ મી.મી. થયો છે.

તાજેતરમાં રીલીઝ થયેલી અને સર્વત્ર આવકાર પામી રહેલી ગુજરાતી ફિલ્મ "સાહિલ"ની યુવા અભિનેત્રી ગાંધીનગરની વિવેકા પટેલે ઉર્મિલા ચેરિટેબલ ટ્રસ્ટ અંતર્ગત જરૂરિયાતમંદ વર્ગના ૬૦ જેટલા બાળકોને તેમની ફિલ્મનો શૉ દેખાડી તેમના ચહેરા પર પ્રસન્નતા રેલાવી હતી.

"કેટલો સ્કોર થયો ??" શહેરમાં છવાયો ક્રિકેટ ફીવર..!!!

ગાંધીનગર, તા. ૯

"શું થયું ? કેટલો સ્કોર થયો ? ત્રીજી વિકેટ પડી ?" આવા સંવાદો આજે સમગ્ર વિધાનસભા સંકુલ તથા સચિવાલયની કચેરીઓમાં જ નહી પરંતુ

ગાંધીનગરના ચૌરે ચૌટે સંભળાયા હતા. ક્રિકેટ વિશ્વકપની પહેલી સેમી ફાઈનલ મેચમાં ભારત-ન્યુઝિલેન્ડની મેચના પગલે શહેરભરમાં જાણે ક્રિકેટ ફિવર છવાયો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી અને ઠેર ઠેર ઓફિસોમાં, દુકાનોમાં લીફ્ટમાં કે પાનના ગલ્લો અને ચાની કિટલીઓ પર બસ ક્રિકેટ જોવામાં મગ્ન ક્રિકેટરસિયા જ જોવા મળતા હતા.

ક્રિકેટ વિશ્વકપ તેના અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે અને સમગ્ર ગાંધીનગરમાં જાણે ક્રિકેટ ફિવર છવાયો હોય તેવો માહોલ સર્જાવા પામ્યો છે. આ ક્રિકેટ વિશ્વકપમાં અત્યાર સુધી ભારતનું પ્રદર્શન એવુ યશસ્વી રહ્યું છે કે દેશભરમાં ફરી એકવાર ભારતીય ક્રિકેટ ટીમ વિશ્વવિજેતા બનશે તેવી આશા જન્મી છે. ટૂર્નામેન્ટની લીગ મેચમાં ન્યુઝિલેન્ડ સામેની મેચ આમ તો વરસાદથી ધોવાઈ ગઈ હતી પરંતુ અંતે સેમી ફાઈનલમાં ભારત સામે ટકરાતા ક્રિકેટપ્રેમીઓમાં ભારે રોમાંચ જોવા મળી રહ્યો હતો. શહેરમાં યુવા વર્ગનો ઠીક પરંતુ મહિલાઓ તથા દરેક ઓફિસ, દુકાનો, સરકારી-બિન સરકારી કચેરીઓ, બસસ્ટેન્ડ કે રેસ્ટોરન્ટ, પાનનો ગલ્લો કે કિટલી અરે અત્યારે ચાલી રહેલા વિધાનસભાના સત્ર દરમ્યાન વિધાનસભા સંકુલમાં પણ મોબાઈલ પર સેમી ફાઈનલ જોતા ક્રિકેટ રસિયા જોવા મળ્યાં હતા અને સર્વત્ર ક્રિકેટનો માહોલ છવાયો હતો.

રાજ્યમાં પાલિકાની ૧૫ બેઠકોની પેટાચૂંટણી ૧૧ પર ભાજપ વિજયી

ગાંધીનગર, તા.૯

લોકસભા ચૂંટણી ૨૦૧૯માં ઐતિહાસિક વિજય બાદ સતત ભાજપનો વિજયરથ આગળ વધી રહ્યો છે. હવે પેટાચૂંટણીઓમાં પણ પ્રજાના આશીર્વાદ થકી ગુજરાતમાં રાજ્યસભાની બે બેઠક, ૧૦ નગરપાલિકાની ૧૫ બેઠકોની પેટાચૂંટણીઓમાંથી ૧૧ બેઠકો પર ભાજપના ઉમેદવારોને ભવ્ય વિજય પ્રાપ્ત થયો છે.

રાજ્યની નગરપાલિકાઓના પરિણામોને આવકારતાં અને જનસમર્થન માથે ચઢાવતાં ભાજપા પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, જે રીતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સૌનો સાથ સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસના મંત્રને પ્રજાએ સ્વીકાર્યો છે, તેના પરિણામ સ્વરૂપે ભાજપા પાસે અગાઉ ૬ બેઠકો હતી. તેમાં વધારો થતાં ગુજરાતની આ પેટાચૂંટણીઓમાં કુલ ૧૧ બેઠકો પર કમળ ખીલ્યું છે. જ્યારે કોંગ્રેસ પાસે ૭ બેઠકો હતી, જે પેટાચૂંટણીઓમાં ત્રણ ઉપર અટકી ગઈ છે. આમ, કોંગ્રેસ હંમેશા પરાજય બાદ વિખેરાતી જાય છે. વાસ્તવમાં, જનતાના આશીર્વાદ, જનમત અને જનસમર્થન ભાજપા સાથે છે તેની પ્રતીતિ આ પરિણામોથી થાય છે. પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રત્યેક નાની-મોટી ચૂંટણીઓમાં ગુજરાતની જનતાએ જે રીતે ભાજપામાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેના પરથી પ્રતીતિ થાય છે કે, જનતા જનાર્દને હંમેશા ભાજપાની વિકાસની રાજનીતિને સ્વીકારી છે અને વિવિધ નગરપાલિકામાં જનતા જનાર્દને ભાજપાના ઉમેદવારોને આશીર્વાદ આપ્યા છે. તે બદલ સમગ્ર ગુજરાત ભારતીય જનતા પાર્ટી તેમનો હૃદયપૂર્વક આભાર માને છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વી.એન. પટેલ કુમાર અને એચ.વી. પટેલ કન્યા બાલમંદિરના બાળકો દ્વારા રથયાત્રાની ઉજવણી કરવામાં આવી હતી.

એક પણ કુટુંબ મકાન વિહોણા ન રહે તે માટે સરકાર કટિબદ્ધ

ગાંધીનગર,તા.૯

રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં વસતા ઘર વિહોણા પરિવારોને તેમજ કાચા અને જર્જરિત મકાનમાં રહેતા પરિવારોને પાયાની સુવિધાઓ સાથેનું પાકુ આવાસ પુરુ પાડવાનો 'પ્રધાનમંત્રી આવાસ યોજના' નો ઉદ્દેશ છે. આ યોજના વર્ષ ૨૦૧૬-૧૭ થી અમલમાં આવી છે. એક પણ પરિવાર ઘરવિહોણો ન રહે તેવા લક્ષ્યાંક સાથે આ યોજનાનું અમલીકરણ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ યોજના હેઠળ બે વર્ષમાં ભાવનગર, જામનગર, પાટણ અને ખેડા જિલ્લામાં ૧૮,૦૨૭ આવાસોનાં કામ પુર્ણ થયા છે.

આ માટે રૂ.૨૨,૦૮૪.૬૦ લાખનો ખર્ચ થયો છે. વિધાનસભા ખાતે ગારિયાધારના ધારાસભ્ય કેશુ નાકરાણી, પાલીતાણા ધારાસભ્ય ભીખા બારૈયા અને મહુવા ધારાસભ્ય આરસી મકવાણા દ્વારા ભાવનગર જિલ્લામાં ૩૧ માર્ચ ૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી આવાસ યોજના' હેઠળ તૈયાર થયેલા આવાસો અંગેના પુછાયેલા પ્રશ્નના લેખિત પ્રત્યુત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીએ જણાવ્યુ કે, છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં ૩૪૩૬ આવાસો મંજૂર થયા છે. જે પૈકી ૩૦૧૦ આવાસોનાં કામ પૂર્ણ થયા છે અને તે માટે કુલ ૪૪૦૬.૨૦ લાખનો ખર્ચ થયો છે.

ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા અને કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા દ્વારા પાટણ જિલ્લામાં ૩૧ માર્ચ ૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ તૈયાર થયેલા આવાસો અંગેના પુછાયેલા પ્રશ્નના લેખિત પ્રત્યુત્તરમાં ગ્રામ વિકાસ મંત્રીએ જણાવ્યુ કે, પાટણ જિલ્લામાં ૧૦,૨૧૭ આવાસો મંજૂર થયા છે. જે પૈકી ૯,૦૯૭ આવાસોનાં કામ પૂર્ણ થયા છે અને તે માટે કુલ રૂ.૧૦,૯૧૬.૪૦ લાખનો ખર્ચ થયો છે. માતર ધારાસભ્ય કેસરીસિંહ સોલંકી અને મહેમદાવાદ ધારાસભ્ય ચૌહાણ દ્વારા ખેડામાં ૩૧ માર્ચ ૨૦૧૯ની સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તૈયાર થયેલા આવાસો અંગેના પુછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ જણાવ્યુ હતું કે, ખેડામાં ૫૮૫૪ આવાસો મંજૂર થયા છે. જેપૈકી ૫૨૬૦ આવાસોનાં કામ પૂર્ણ થયા છે અને તે માટે કુલ ૫૯૫૩.૯૦ લાખનો ખર્ચ થયો છે.

જામનગર ગ્રામ્ય ધારાસભ્ય રાઘવજી દ્વારા જામનગરમાં ૩૧ માર્ચની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવાસો અંગેના પુછાયેલા સવાલના જવાબમાં અહીં ૮૦૫ આવાસો મંજૂર થયા હોવાનું અને તે પૈકી ૬૬૦ આવાસોનાં કામ કુલ ૮૦૮.૧ લાખના ખર્ચે તૈયાર થયાનું જણાવ્યું હતું. આમ, આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં ભાવનગર, જામનગર, પાટણ, ખેડામાં ૨૨૦૮૪ લાખનાં ખર્ચે ૧૮૦૨૭ આવાસોનાં કામ પુર્ણ થયા છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧